# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

1969 to 2029 ECHO OF HIS CALL SINCE 1969

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 OCTOBER | NO: 08


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઠે કરો

**યોહાન ૧: ૧ થી ૧૦**

૧. આદિએ શબ્દ હતો, અને શબ્દ ઈશ્વરની સંઘાતે હતો, અને શબ્દ ઈશ્વર હતો.

૨. તે જ આદિએ ઈશ્વરની સંઘાતે હતો.

૩. તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નથી.

૪. તેનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું.

૫. તે અજવાળું અંધારામાં પ્રકાશે છે; પણ અંધારાએ તેને સ્વીકાર્યું નહિ.

૬. ઈશ્વરે મોકલેલો એક માણસ આવ્યો. તેનું નામ યોહાન હતું.

૭. તે શાહેદીને સારુ આવ્યો કે અજવાળા વિષે તે શાહેદી આપે, એ માટે કે સર્વ તેનાથી વિશ્વાસ કરે.

૮. તે તો તે અજવાળું ન હતો, પણ તે અજવાળા વિષે શાહેદી આપવાને તે આવ્યો હતો.

૯. ખરું અજવાળું તે હતું કે, જે જગતમાં આવીને હરેક માણસને પ્રકાશ આપે છે.

૧૦. તે જગતમાં હતો, અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું, તોપણ જગતે તેને ઓળખ્યો નહિ

# તમને પ્રકાશિત થવા માટે તેડવામાં આવ્યા છે!

## YOU ARE CALLED TO SHINE!

- બહેન એન્જેલાઈન



મારા વહાલા **ઈકો ઓફ હીજ કોલના** વિસ્તૃત પરીવારોને આપણા તારનાર તથા પ્રભુ, ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ!

ભારતમાં, દીપાવલીનો મહિનો ખૂબ જ ખાસ સમય છે. સમગ્ર દેશમાં અને સમગ્ર વિશ્વમાં, લાખો લોકો પ્રકાશોનો તહેવાર ઉજવે છે, જે પરંપરાગત રીતે અંધકાર પર પ્રકાશના વિજય સાથે સંકળાયેલો છે.

જ્યારે પણ હું દુનિયાભરના ભારતીયોને દીપાવલીની ઉજવણી કરતા જોઉં છું, ત્યારે હું તેનાથી વધુ મોટા પ્રકાશ વિશે વિચાર કરવાથી મારી જાતને રોકી શકતી નથી - જગતનું અજવાળું, પ્રભુ ઈસુ ખ્રિસ્ત. આપણી આંખો ઉઘાડવા, નિરાશામાં આશા જગાડવા અને આપણને અંધકારમાંથી તેમના અદ્ભુત પ્રકાશમાં લઈ જવા માટે તેઓ આપણા અંધકારમાં ઊતરી આવ્યા હતા.

### જ્યારે ખ્રિસ્તનો પ્રકાશ અંધકારમાં દાખલ થાય છે!

***સર્જનમાં ઈશ્વર જે પ્રથમ શબ્દો બોલ્યા હતા તે હતા:***

**"અજવાળું થાઓ..."** - ઉત્પત્તિ ૧:૩.

ઉત્પત્તિ ૧:૧-૪ એવી પૃથ્વીની રજૂઆત કરે છે જે અસ્તવ્યસ્ત અને ખાલી હતી અને જળનિધિ પર અંધારું હતું. તેમ છતાં અંધકાર એ વાર્તાનો નિષ્કર્ષ નહોતો. જ્યારે ઈશ્વર બોલ્યા, ત્યારે અંધકારમાં અજવાળું થયું હતું.

(અનુસંધાન પાન ૩ પર)


**ઈકો ઓફ હીજ કોલ**



**ક્રિશ્ચિયન યૂટ્યુબ ચેનલ!**

દરરોજ બે મિનિટનો સંદેશો

**પાળક એસ. સામ સેલ્વ રાજ દ્વારા!**

અંગ્રેજી, હિન્દી ભાષામાં - સવારે ૧.૦૦ વાગે,
તામિલ અને તેલુગુ ભાષામાં - સવારે ૨.૦૦ વાગે

અને

**તામિલ અને અંગ્રેજી સંદેશો અને પ્રાર્થના**

રવિવારે સવારે ૮.૩૦ વાગે અને સાંજે ૬.૦૦ વાગે

કૃપા કરીને સબ્સ્ક્રાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## from your dearly beloved brother...





Founders

**આપણી મિશન નીતિ**

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
CONTRIBUTING EDITOR
Sis. Andrea Christmas Henry
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
EX ADMINISTRATOR
Sis. Jesy Veena Sam
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Sis. Sajini Cherian
Rev. Dr. J. John Rajarathnam, B.E.S., B.D., M.Th.
Rev. Dr. K.R. Rajasekaran
Adv. N. Balaji, B.Com., M.L.
EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293
Cell : (+91) 98410 71852, 98412 71858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call


**"... તે માટે, હું તેઓને જણાવીશ, આ વખતે હું તેઓને મારો હાથ તથા મારું સામર્થ્ય જણાવીશ; અને ત્યારે તેઓ જાણશે કે મારું નામ યહોવા છે."**
**– (યર્મિયા ૧૬:૨૧).**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

આપણા વહાલા ભાઈઓ અને બહેનોને જેને ઈશ્વર દ્વારા તેડવામાં આવ્યા છે અને જેઓ વિશ્વના જુદા જુદા ભાગોમાં રહે છે તેઓ વિશે વિચારવાનો અને તેમને શુભેચ્છા પાઠવવાનો કેટલો મોટો આનંદ છે! અંતર, ભાષા અથવા સંજોગોને ધ્યાનમાં લીધા વિના, પ્રભુમાં એકસાથે જોડાયેલા હોવાના વિશેષાધિકાર માટે અમે ખૂબ આભારી છીએ.

### એક નમ્ર શરૂઆત

હા, તે ૧૦મી ઓગસ્ટ ૧૯૬૯ના રોજ થયેલી એક નાની શરૂઆત હતી, જ્યારે **ઈકો ઓફ હીજ કોલનો** જન્મ નૈય્યોરના નેલ્લારાઈકોનમ નામના એક નાના ગામમાં, સી. એન. એસ. ચર્ચમાં **ગુડ ન્યુઝ પ્રેયર બેન્ડના** નેજા હેઠળ થયો હતો. તે થોડાક જુવાન છોકરાઓ અને છોકરીઓ સાથે શરૂ થઈ હતી કે જેઓએ પુરુષો અને સ્ત્રીઓ માટે એક વાસ્તવિક બોજ અને દર્શન પ્રાપ્ત કર્યું હતું જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત નાશ પામી રહ્યા હતા અને તેમનાથી અલગ જીવનને લીધે શાશ્વત વિનાશ તરફ આગળ વધી રહ્યા હતા.

આ ત્યારે થયું હતું કે જ્યારે હું હજી જુવાન માણસ હતો. ઈશ્વરે ખરેખર એવા જુવાન લોકોની આજ્ઞાપાલન અને સમર્પણની રજૂઆત કરી હતી, જેમણે કાલવરીના તેડાંનો જવાબ આપ્યો હતો, જ્યાં આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેમનું મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું હતું અને આપણા માટે તેમનું જીવન આપી દીધું હતું.



જેમ જેમ વર્ષો વિતતા ગયા તેમ તેમ, તે નમ્ર શરૂઆત **ઈકો ઓફ હીજ કોલ** નામમાં ખીલ્યું હતું, એક એવું નામ જે અમે વિશ્વાસ કરીએ છીએ કે ઈશ્વર દ્વારા આપવામાં આવ્યું હતું. પ્રભુએ આ મિનિસ્ટ્રીની પાંખોને વિશ્વના ઘણા ભાગોમાં કૃપાળુ રીતે ફેલાવવામાં સમર્થ કરી છે, જેમાં ભારત, શ્રીલંકા, મલેશિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, સ્કોટલેન્ડ, લંડન અને યુનાઈટેડ કિંગડમના અન્ય ભાગો અને તેનાથી પણ વધુ આગળના વિસ્તારો સામેલ છે.

શું આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ખરેખર મહાન નથી?

પ્રભુએ અમને ફક્ત અમારી પાંખોને જ ફેલાવવામાં સમર્થ કર્યા નથી; તેમણે આ મિનિસ્ટ્રીને પણ સેવાકાર્યના વિવિધ માર્ગો દ્વારા હજારો લોકોને આશીર્વાદનો સ્ત્રોત પણ બનાવી છે, જેમાં સામેલ છે:

* ઈકો ઓફ હીજ કોલ સામયિકો જે ૧૬ ભાષાઓમાં પ્રકાશિત કરવામાં આવે છે
* ૩ ભાષાઓમાં **નહેમ્યા બાઈબલ કોલેજો**
* **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** – ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળા
* ૨ ભાષાઓમાં ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો
* ૩ ભાષાઓમાં બાઈબલકોર મૂળભૂત બાઈબલ
* બહુભાષી મિશન ચર્ચો
* સુવાર્તા છાપખાનું
* તાલીમ કાર્યક્રમો

* સામાજિક સેવાઓ
* અને અન્ય ઘણી મિનિસ્ટ્રીઓ ઈશ્વરના રાજ્યની પ્રગતિ માટે હાથ ધરવામાં આવી છે.



## એક અધમૂઓ પુરુષ

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે એક પુરુષ વિશે વાત કરી હતી કે જે યરૂશાલેમથી યરીખો જતો હતો અને તે લૂંટારાના હાથમાં પડ્યો. તેઓ તેનાં લૂગડાં ઉતારી લઈને તથા તેને મારીને તેને રસ્તાની કોરે અધમૂઓ મૂકીને ચાલ્યા ગયા. જોકે, વાર્તા અહીં પૂરી થતી નથી. એક ભલા સમરૂનીએ તેને જોયો, તેને તેના પર કરુણા આવી, તે જ્યાં પડ્યો હતો ત્યાં તેની પાસે ગયો, તેના ઘા પર પાટા બાંધ્યા અને તેની કાળજી લીધી હતી.

તેવી જ રીતે, પ્રભુએ આપણને આત્મિક રીતે ઘાયલ, ભંગિત, ઉપેક્ષિત, અને આશા વિનાના છોડી દીધેલા લોકો સુધી પહોંચવાની જવાબદારી સોંપી છે. આ તેડું એક ભારે બોજ અને એક મોટી જવાબદારી સાથે આવે છે.

## બોજ અને લડાઈ

આ પળે, અમે તમને બોજની તીવ્રતા અને વહીવટી જવાબદારીઓને સમજાવવા માગીએ છીએ જે અમારા ખભાઓ પર છે.

ઘણી વખત, ખરેખર જે બોજ સર્વને માટે અમને સોંપવામાં આવ્યો છે તેનો અમે અનુભવ કરીએ છીએ. તેમ છતાં, દરેક વખતે દ્વારા, તેઓ અમને ટકાવી રાખે છે, અમને મજબૂત કરે છે, અને અમે જે મુશ્કેલ સંજોગોનો સામનો કરીએ છીએ તેમાં અમારી સાથે ચાલે છે.

અમે શત્રુથી પડકારોનો સામનો કરીએ છીએ, ખાસ કરીને, જ્યારે અમે સેવાકાર્ય કરીએ છીએ, ત્યારે એવા સ્થળોમાં જ્યાં સુવાર્તાનો વિરોધ થાય છે. અમે માંદગી, નાણાંકીય દબાણો, નિરાશાઓ, અસલામતીનો અનુભવ કરીએ છીએ અને જે લોકો સત્યનો વિરોધ કરે છે ત્યારે પણ મુશ્કેલીઓનો અનુભવ કરીએ છીએ. ઘણી વખત, મુસાફરી વધુ પડતી લાગે છે.

તેમ છતાં, આ સર્વ પરિસ્થિતિઓમાં, અમે વિશ્વાસમાં દ્રઢ ઊભા રહીએ છીએ અને જાહેર કરીએ છીએ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત અમને માર્ગદર્શન આપવા, સામર્થ્યવાન કરવા, અમારું રક્ષણ કરવા અને અમને દોરી લઈ જવા માટે દરેક પરિસ્થિતિમાં અમારી સાથે છે.

અમે ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન રક્તથી અને ઈશ્વરે અમને આપેલી સાક્ષી દ્વારા શત્રુ ઉપર વિજય મેળવીએ છીએ.

**"તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને જીત્યો છે; અને છેક મરતાં સુધી તેઓએ પોતાના જીવને વહાલો ગણ્યો નહિ."** - પ્રકટીકરણ ૧૨:૧૧

મિનિસ્ટ્રી કદાચ લડાઈઓનો સામનો કરી શકે છે, પણ અમારો આત્મવિશ્વાસ પ્રભુમાં રહેલો છે. તેઓ જેમણે અમને તેડ્યા છે તેઓ વિશ્વાસુ છે, અને અમે તેમના હેતુઓ અનુસાર આગળ વધવા માટે ભરોસો રાખીએ છીએ.

અમને તમારી ભાગીદારીની જરૂર છે!

છેવટે, અમને આતુરતાપૂર્વકની તમારી ભાગીદારીની જરૂર છે કારણ કે અમે ઈશ્વરે અમને જે દર્શન સોંપ્યું છે તેને આગલા સ્તર પર લઈ જવાની ઈચ્છા રાખીએ છીએ.

ખરેખર, અમે નિષ્ફળતાઓ, જોખમો, નાણાંકીય જરૂરિયાતો, અનિશ્ચિતતા અને અન્ય ઘણા પડકારોનો સામનો કરીએ છીએ. તેથી, અમને ધાર્મિક પુરુષો અને સ્ત્રીઓની જરૂર છે જેઓ પ્રાર્થનામાં અમારી સાથે ઊભા રહે અને આ મહાન રાજ્યના સાહસને ટેકો આપે.

શું તમે અમારા માટે પ્રાર્થના કરશો અને જેમ પ્રભુ તમને દોરે તેમ તમારો સહાયનો હાથ લંબાવશો?

તમારી પ્રાર્થનાઓ, પ્રોત્સાહન, સંગત અને વ્યવહારુ સહાય અમારા માટે ઘણી જ મૂલ્યવાન છે. સાથે મળીને, આવો આપણે ઈસુ ખ્રિસ્તના ઉદ્ધારના સંદેશને સાંભળવાની જરૂર હોય તેવા લોકો સુધી સુવાર્તા લઈ જઈએ.

**આવો ઈશ્વર તમને ભરપૂરીપણે આશીર્વાદિત કરો!**

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

**પછી ઈશ્વરે કહ્યું, 'અજવાળું થાઓ; ને અજવાળું થયું.'** - ઉત્પત્તિ ૧:૩

આપણા જીવનોમાંના ઈશ્વરના કાર્યનું કેવું પરાક્રમી ચિત્ર છે!

પ્રભુ ઈસુ ખ્રિસ્ત અંધાધૂંધી, મૂંઝવણ, પાપ અને નિંદાથી ભરેલી એક દુનિયામાં આવ્યા હતા. તેમના મૃત્યુ તથા પુનરુત્થાન દ્વારા, તેઓ માનવજાતને માટે નવું જીવન, આશા, ઉદ્ધાર અને તારણ લાવ્યા હતા.

જ્યાં અંધકારનું અસ્તિત્વ હતું, ત્યાં ઈશ્વરે કહ્યું કે અજવાળું થાઓ.




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India
Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org

તે જ રીતે, જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા જીવનોમાં કહે છે કે અજવાળું થાઓ, ત્યારે અંધકારને કોઈ અંતિમ સ્થાન હોતું નથી.

ત્યાં આપણા કુટુંબો માટે આશા છે.
ત્યાં આપણા બાળકો માટે આશા છે.
ત્યાં આપણા લગ્નો માટે આશા છે.
ત્યાં આપણા સેવાકાર્યો માટે આશા છે.
ત્યાં આપણા ભવિષ્ય માટે આશા છે.

ભલે પરિસ્થિતિઓ કોઈ પણ સંજોગોમાં અંધકારમય દેખાય, ઈશ્વર તરફથી આવેલું એક વચન બધું બદલી નાખી શકે છે.

## ઈશ્વર પ્રકાશ છે – અને આપણને પ્રકાશિત થવા માટે તેડવામાં આવ્યા છે!

*યોહાન ૧:૧ – ૫ આપણને શરૂઆતમાં લઈ જાય છે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સનાતન ઓળખ જાહેર કરે છે:*

**"તેનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું. તે અજવાળું અંધારામાં પ્રકાશે છે; પણ અંધારાએ તેને સ્વીકાર્યું નહિ."** – યોહાન ૧:૪-૫).

*પ્રેરિત યોહાન જાહેર કરે છે:*

**"ઈશ્વર પ્રકાશ છે, અને તેમનામાં કંઈ પણ અંધકાર નથી."** – ૧ યોહાનનો પત્ર ૧:૫

પણ ત્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્યો હોવા વિશે કંઈક અસાધારણ છે.

*પ્રભુ ઈસુએ પોતે કહ્યું હતું કે:* **"તમે જગતનું અજવાળું છો."** – માથ્થી ૫:૧૪.

થોભો અને તે ક્ષણને માટે વિચાર કરો.

ઈશ્વર અજવાળું છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત જગતનું અજવાળું છે.

અને તેમણે તેમનું અજવાળું આ જગતમાં ફેલાવવા માટે આપણને તેડ્યા છે.

કેવો અવિશ્વસનીય વિશેષાધિકાર!

આપણે પ્રકાશના સ્રોત નથી; આપણને તેમના પ્રકાશને પ્રતિબિંબિત કરવા માટે તેડવામાં આવ્યા છે. પ્રકાશ આપણામાં ઉત્પન્ન થતો નથી. તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી આવે છે અને સમર્પિત જીવનો દ્વારા પ્રકાશિત થાય છે.

ઈશ્વરે સામાન્ય લોકોને પાત્રો તરીકે ઉપયોગમાં લેવાનું પસંદ કર્યું છે જેઓના દ્વારા તેમનો અસાધારણ પ્રકાશ જોઈ શકાય છે. જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણામાં અને તેમના દ્વારા કામ કરવાની મંજૂરી આપીએ છીએ, ત્યારે અન્ય લોકો આપણા શબ્દો, આપણા કાર્યો, આપણા પાત્ર અને આપણે જે રીતે જીવનમાં પ્રતિસાદ આપીએ છીએ, તે દ્વારા તેમની ઝલક મેળવી શકે છે.

તો, આ અંધકારમય દુનિયામાં પ્રકાશના તેમના પ્રતિનિધિઓ તરીકે ઈશ્વર આપણી પાસેથી શું અપેક્ષા રાખે છે?

## ૧. અજવાળું અંધારામાં પ્રકાશે છે!

**"અજવાળું અંધારામાં પ્રકાશે છે; પણ અંધારાએ તેને સ્વીકાર્યું નહિ."** (યોહાન ૧:૫).

આ અજવાળાની પ્રથમ અને ખૂબ જ મહત્વપૂર્ણ લાક્ષણિકતા છેઃ અજવાળું પ્રકાશે છે.

અને અજવાળું ક્યાં વધુ પ્રકાશ આપે છે? અંધકારમાં.

ઈશ્વર આપણને એવા સ્થાનો પર તેડું આપતા નથી જ્યાં બધું પહેલેથી જ બધુ તેજસ્વી અને આરામદાયક હોય છે. તેઓ ઘણીવાર આપણને એવા સ્થળોએ મોકલે છે જ્યાં અંધકાર અસ્તિત્વમાં હોય છે જેથી તેમના અજવાળાને આપણા દ્વારા પ્રગટ કરી શકાય.

કેટલીક વખત આપણે પ્રસિદ્ધિની ઝંખના રાખીએ છીએ. આપણે આરામદાયક વાતાવરણ, અનુકૂળ સંજોગો, શાંતિપૂર્ણ સંબંધો અને સરળ મોસમોની ઈચ્છા રાખીએ છીએ.

પણ જે જગ્યા સૌથી મુશ્કેલ લાગે છે તે અંધકારની વચ્ચે હોઈ શકે છે – તે જગ્યા જ્યાં ઈશ્વર આપણો સૌથી વધુ શક્તિશાળી ઉપયોગ કરવાનો ઈરાદો રાખે છે.

કદાચ ઈશ્વરે તમને મુશ્કેલ કાર્યસ્થળમાં મૂક્યા છે.

કદાચ તમે તમારા પરિવારમાં પડકારોનો સામનો કરી રહ્યા છો.

કદાચ તમે તમારા સેવાકાર્યમાં માગણીભરી મોસમમાંથી પસાર થઈ રહ્યા છો.

કદાચ તમે તમારા ભવિષ્ય વિશે અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છો.

અંધકારની જગ્યાને ધિક્કારશો નહિ.

તે કદાચ તે જ સ્થાન હોઈ શકે છે જ્યાં ઈશ્વર ઈચ્છે છે કે તમારો પ્રકાશ સૌથી વધુ ચમકતો હોય.

*મીખાહ ૭:૮ કહે છે:*

**"જો હું અંધારામાં બેસું, તોપણ યહોવા મને ત્યાં અજવાળારૂપ છે."**

ત્યાં એવી મોસમો આવી શકે કે જ્યારે આપણને અંધકારમાં બેસી રહેવું પડે, પણ ત્યાં પણ ઈશ્વર આપણો પ્રકાશ બનીને રહે છે.

*ગીતશાસ્ત્ર ૧૮:૨૮ જાહેર કરે છે:*

**"હે યહોવા પ્રભુ, કેમ કે તમે મારો દીવો સળગાવશો, મારા ઈશ્વર મારા અંધકારને પ્રકાશ કરશે."**

*અને ગીતશાસ્ત્ર ૨૩:૪ આપણને યાદ અપાવે છે:*

**"જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું; તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તું મારી સાથે છે."**

મારા વહાલા ભાઈઓ અને બહેનો, જો તમે આજે તમારી જાતને અંધકારથી ઘેરાયેલા જોશો, તો હિંમત ન હારશો. ઈશ્વર તમારી સાથે છે.

તમે કદાચ ખીણમાંથી પસાર થઈ રહ્યા હશો, પણ તમે એકલા તેમાંથી પસાર થતા નથી.

અને આ યાદ રાખોઃ આપણે પોતે આપણી જાતે અંધકાર બનીને અંધકારને દૂર કરતા નથી.

જ્યારે અંધારા ઓરડામાં લાઈટ ચાલુ કરવામાં આવે છે, ત્યારે અંધકારને શારીરિક રીતે દૂર કરવાની જરૂર નથી. તે ફક્ત પ્રકાશની હાજરીમાં અદ્રશ્ય થઈ જાય છે.

અંધકારે પ્રકાશને માર્ગ આપવો જ જોઈએ.

તેથી પ્રકાશિત થતા રહો!

## ૨. અંધકાર પ્રકાશને દૂર કરી શકતો નથી!

અંધકાર શક્તિશાળી દેખાઈ શકે છે. તે ડરામણો દેખાઈ શકે છે. તે ભવિષ્યને અનિશ્ચિત બનાવી શકે છે અને આપણી અંદર ભય પેદા કરી શકે છે.

પણ અંધકારની મર્યાદા છેઃ

તે પ્રકાશને કાબુમાં કરી શકતો નથી.

*યોહાન ૧:૫ જાહેર કરે છે:*

**"તે અજવાળું અંધારામાં પ્રકાશે છે; પણ અંધારાએ તેને સ્વીકાર્યું નહિ."**

ઓરડો ગમે તેટલો અંધકારમય હોય, પ્રકાશ પ્રવેશતાની સાથે જ અંધકાર પોતાનું

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1968

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ટકાવ કરવી (ટિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ થી ૧૮ નવેમ્બર ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ઓક્ટોબર ૧૯:** ૧૦મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અમને **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીના** ૫૮મા વર્ષમાં પ્રવેશ કરવામાં સમર્થ કરવા માટેના તેમના કૃપાળુ આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૨૦:** ૫૮મા વર્ષમાં અમારા પ્રવેશને ચિહ્નિત કરતા પદવીદાન સમારોહ કાર્યક્રમ હાથ ધરવા માટેની તેમની સહાય અને કૃપાને માટે.

**ઓક્ટોબર ૨૧:** તેમની જોગવાઈ અને કૃપાને માટે જે અમને અન્ય મિનિસ્ટ્રીઓને પણ ટેકો આપવા માટે સક્ષમ બનાવે છે.

**ઓક્ટોબર ૨૨:** અમને નિયમિતપણે ઈશ્વરવિદ્યાના સેમિનારો હાથ ધરવામાં સક્ષમ કરવા માટે.

**ઓક્ટોબર ૨૩:** આપણી સામયિક મિનિસ્ટ્રીની જે ૧૯૬૯થી નિષ્ઠાપૂર્વક ચાલુ છે, તેની પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા પરના તેમના ભરપૂર આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૨૪:** આપણા કર્મચારીઓના પરીવારો પરના તેમના ભરપૂર આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૨૫:** અમારા સર્વ ભાગીદારો અને તેમના પરીવારો પ્રત્યે તેમની દયા અને વિશ્વાસુપણાને માટે.

**ઓક્ટોબર ૨૬:** તેમના કૃપાળુ માર્ગદર્શનને માટે અને અમને સુવાર્તા સાથે વણખેડાયેલા વિસ્તારોમાં જવામાં સક્ષમ કરવા માટે.

**ઓક્ટોબર ૨૭:** અમારા મુખ્ય ચર્ચ પર અને તેના શાખા ચર્ચોમાં પરના તેમના આશીર્વાદોને માટે અને અમારી સંગતમાં વધુ નવા વિશ્વાસીઓને ઉમેરવા માટે.

**ઓક્ટોબર ૨૮:** ૧૫મી ઓગસ્ટના રોજ જીસસ મિશન ચર્ચમાં, મહાબલીપુરમ ખાતે યોજાયેલી ખાસ પુરુષોની સભા પરના તેમના આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૨૯:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૩૦:** આપણા મુખ્ય ચર્ચમાં ભરાયેલી મહિલા મિનિસ્ટ્રીને આશીર્વાદિત કરવા માટે.

**ઓક્ટોબર ૩૧:** આપણા વડીલ પાળક અને તેમના કુટુંબ પરના ઈશ્વરના ભરપૂર આશીર્વાદોને માટે.

**નવેમ્બર ૦૧:** પાછલા મહિના દરમિયાન અમારી સર્વ નાણાંકીય અને આત્મિક જરૂરિયાતોને પૂરી કરવામાં તેમના વિશ્વાસુપણાને માટે.

**નવેમ્બર ૦૨:** આપણા સહ સંપાદકો અને તેમના પરિવારના સભ્યો પરના તેમના આશીર્વાદોને માટે.

**નવેમ્બર ૦૩:** વિશ્વભરના લોકો પરના અને દેશો પરના તેમના રક્ષણ, દયા અને કૃપાને માટે.

## કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**નવેમ્બર ૦૪:** કેફી દ્રવ્યો અને માદક દ્રવ્યોના વ્યસનથી બાળકો અને જુવાનોના રક્ષણને માટે.

**નવેમ્બર ૦૫:** **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને** સમર્પિત કર્મચારીઓ પૂરા પાડવા માટે.

**નવેમ્બર ૦૬:** આપણી સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજમાં** વિદ્યાર્થીઓની શિસ્ત, સમર્પણ અને આત્મિક વૃદ્ધિને માટે.

**નવેમ્બર ૦૭:** કુદરતી હોનારતની સામે ઈશ્વરની દૈવી સુરક્ષાને માટે.

**નવેમ્બર ૦૮:** વિશ્વભરની પ્રજાઓ અને દેશો મધ્યે એકતા, શાંતિ અને સંવાદિતાને માટે

**નવેમ્બર ૦૯:** વિશ્વભરના લોકોની સુરક્ષા, સલામતી અને સારા સ્વાસ્થ્યને માટે.

**નવેમ્બર ૧૦:** ઈશ્વરની કૃપાને માટે અને સુવાર્તા સાથે ભારતભરના વણખેડાયેલા લોકો સુધી પહોંચવા માટે સક્ષમ કરવા સામર્થ્ય આપવા માટે.

**નવેમ્બર ૧૧:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજને અને તેમના કુટુંબ પર સારી તંદુરસ્તી, સામર્થ્ય અને ઈશ્વરની સલામતીને માટે.

**નવેમ્બર ૧૨:** વિશ્વભરમાં બાળ તસ્કરીની નાબૂદીને માટે અને સંવેદનશીલ બાળકોના રક્ષણ અને પુનઃસ્થાપનને માટે.

**નવેમ્બર ૧૩:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો પર ઈશ્વરના આશીર્વાદ અને સુરક્ષાને માટે.

**નવેમ્બર ૧૪:** ખ્રિસ્તી મિનિસ્ટ્રીઓ દ્વારા પ્રગટ થતા પરાક્રમી ચમત્કારો અને અજાયબીઓને માટે.

**નવેમ્બર ૧૫:** ઈશ્વર સર્વ વિશ્વાસીઓના હૃદયોની આંખોને પ્રકાશિત કરવા માટે, તેમને આત્મિક સમજ, જ્ઞાન અને સમજદારી આપે તે માટે.

**નવેમ્બર ૧૬:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના** વિદ્યાર્થીઓને માટે, કે ઈશ્વર તેમના અભ્યાસમાં આશીર્વાદ આપે, તેમને જ્ઞાન અને સમજણ આપે અને તેમના જીવનોના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપે તે માટે.

**નવેમ્બર ૧૭:** મહિલાઓ અને બાળકોની દૈવી સુરક્ષાને માટે

**નવેમ્બર ૧૮:** ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને માટે સર્વ જરૂરી નાણાંકીય સંસાધનો માટે ઈશ્વરની કૃપાળુ જોગવાઈને માટે.

(પાન ૪ થી આગળ...)

વર્ચસ્વ ગુમાવી દે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણને જગતનું અજવાળું બનવા માટે તેડ્યા છે. તેમ છતાં આપણા જીવનોમાં એવી ક્ષણો આવી શકે છે જ્યારે સંજોગો આપણી આસપાસની દરેક બાબતો પર છાયો નાખતા હોય તેવું લાગે.

તે ડોક્ટરનો રિપોર્ટ હોઈ શકે છે.

તે સરકારી નિર્ણય હોઈ શકે છે.

તે મુશ્કેલ કૌટુંબિક પરિસ્થિતિ હોઈ શકે છે.

તે નાણાંકીય દબાણ હોઈ શકે છે.

તે નકાર હોઈ શકે છે.

તે એકલતા હોઈ શકે છે.

તે મૂંઝવણ, અનિશ્ચિતતા અથવા ભવિષ્યને લગતો ડર હોઈ શકે છે.

***પણ આ સ્પષ્ટપણે સાંભળો:***

અંધકાર પાસે અંતિમ શબ્દ નથી.

જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે જોડાયેલા રહીએ છીએ, ત્યારે આપણે આપણા પ્રકાશના સ્રોત સાથે જોડાયેલા રહીએ છીએ.

જ્યારે દીવો તેના શક્તિના સ્રોતથી છૂટો થઈ ગયો હોય ત્યારે તે ચમકતો રહેતો નથી. એ જ રીતે, જો આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથેના આપણા સંબંધોને ઠંડા થવા દઈએ અથવા દૂર થવા દઈએ તો આપણે અસરકારક રીતે પ્રકાશિત થઈ શકતા નથી.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે આપણું જોડાણ મહત્વનું છે અને તે આપણું સામર્થ્ય છે.

આપણું પ્રાર્થનામય જીવન મહત્વનું છે.

ઈશ્વરના વચન સાથેનો આપણો સંબંધ મહત્ત્વનો છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથેની આપણી સંગત મહત્વની છે.

પવિત્ર આત્મા પરની આપણી નિર્ભરતા મહત્વપૂર્ણ છે.

શત્રુ આપણને સ્રોતથી છૂટા કરવાનું પસંદ કરશે કારણ કે તે જાણે છે કે જે વિશ્વાસુ પ્રભુ ઈસુ ખ્રિસ્તથી છૂટો પડી જાય છે તે આત્મિક અસરકારકતા સાથે પ્રકાશવા માટે સંઘર્ષ કરશે.

પણ જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં રહીએ છીએ, ત્યારે તેમનો પ્રકાશ આપણા દ્વારા ચમકતો રહે છે.

***તેથી, આવો આપણે આપણો વિશ્વાસ જાહેર કરીએ:***

મારા વિચારો પર અંધકારને કોઈ અધિકાર નથી.

મારા ભવિષ્ય પર અંધકારને કોઈ અધિકાર નથી.

મારા પરિવાર પર અંધકારને કોઈ અધિકાર નથી

મારા તેડાં પર અંધકારને કોઈ અધિકાર નથી.

મારા સેવાકાર્ય પર અંધકારને કોઈ અધિકાર નથી.

મારામાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત એ પ્રકાશ છે જેઓ મને પ્રકાશવા માટે સક્ષમ બનાવે છે!

આમીન!

## ૩. આપણને આ મોસમમાં પ્રકાશિત થવા માટે તેડવામાં આવ્યા છે!

*પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું:*

**"તમે જગતનું અજવાળું છો."** - માથ્થી ૫:૧૪

ધ્યાન આપો કે પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું નથી કે,"જ્યારે બધું બરાબર ચાલી રહ્યું હોય અને તમારા સંજોગો અનુકૂળ હોય ત્યારે તમે જગતનો પ્રકાશ છો"

જ્યારે સંજોગો અનુકૂળ હોય ત્યારે જ આપણને પ્રકાશવા માટે તેડવામાં આવ્યા નથી.

આપણને દરેક મોસમમાં પ્રકાશવા માટે તેડવામાં આવ્યા છે.

ત્યાં કદાચ એક સંપૂર્ણ મોસમ ક્યારેય ન હોઈ શકે. ત્યાં સંપૂર્ણ સંજોગો ક્યારેય ન હોઈ શકે. ત્યાં સંપૂર્ણપણે અનુકૂળ વાતાવરણ ક્યારેય ન હોઈ શકે.

તેમ છતાં ઈશ્વરે આપણે પ્રકાશવા લાગીએ તે પહેલાં અંધકાર અદૃશ્ય થઈ જાય ત્યાં સુધી રાહ જોવા માટે તેડ્યા નથી.

આપણને અંધકારની મધ્યે જ પ્રકાશવા માટે તેડવામાં આવ્યા છે.

યોહાન ૩:૧૯ આપણને યાદ અપાવે છે કે **"જગતમાં અજવાળું આવ્યા છતાં માણસોએ અજવાળાના કરતાં અંધારું ચાહ્યું; કેમ કે તેઓનાં કામ ભૂંડાં હતાં."** લોકો અજવાળાને બદલે અંધકારને પસંદ કરી શકે છે, કારણ કે તેમના કામો ભૂંડા છે. તેથી, પ્રકાશમાં ચાલવાનું પસંદ કરવાથી ક્યારેક આપણે આપણી જાતને આસપાસની દુનિયાથી અલગ પાડી શકીએ છીએ.

તે કદાચ હંમેશા લોકપ્રિય ન હોઈ શકે.

તે કદાચ હંમેશા સમજી શકાતું નથી.

તે કદાચ ક્યારેક આપણને અસ્વસ્થ કરી શકે છે.

પણ આપણી આસપાસના અંધકારને અનુરૂપ આપણને ક્યારેય તેડવામાં આવ્યા ન હતા.

આપણને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રકાશને લઈ જવા માટે તેડવામાં આવ્યા છે.

આપણું તેડું અંધકારમાં ભળી જવાનું નથી, પણ તેને પ્રકાશિત કરવાનું છે.

## ૪. ઈશ્વરે અજવાળાને અંધકારથી જુદું પાડ્યું હતું - જુદા થવાનું જીવન!

*ઉત્પત્તિ ૧:૩ - ૪ કહે છે:*

**ઈશ્વરે કહ્યું, "અજવાળું થાઓ" અને અજવાળું થયું.**

અને ઈશ્વરે તે અજવાળું જોયું કે તે સારું છે; અને ઈશ્વરે અજવાળું તથા અંધારું જુદાં પાડ્યાં.

ક્રમને ધ્યાનમાં લો.

ઈશ્વર અંધકારમાં અજવાળું બોલ્યા. પછી તેમણે અજવાળાને અંધકારથી જુદું પાડ્યું હતું.

આ દરેક વિશ્વાસીને માટે ગહન સંદેશ છે.

ઈશ્વરે આપણને માત્ર પ્રકાશવા માટે જ નહિ, પણ અલગ થવા માટે પણ તેડ્યા છે.

આપણે ઈરાદાપૂર્વક અંધકારને સ્વીકારીને પ્રકાશને અસરકારક રીતે રજૂ કરી શકતા નથી.

ત્યાં ફરક હોવો જ જોઈએ.

ત્યાં પવિત્રતા હોવી જ જોઈએ.

આપણે જે રીતે જીવીએ છીએ, બોલીએ છીએ, વિચારીએ છીએ, કામ કરીએ છીએ, અન્યોની સાથે વર્તન કરીએ છીએ, નિર્ણયો લઈએ છીએ અને આચરણ કરીએ છીએ તેમાં દેખીતો તફાવત હોવો જોઈએ.

આપણા જીવનો આપણે જેમનું પ્રતિનિધિત્વ કરીએ છીએ તેમને પ્રતિબિંબિત કરવા જોઈએ.

યશાયા ૪૨:૬-૭ **ઈશ્વરના લોકોને વિદેશીઓને પ્રકાશ આપવાના તેડાં વિષે બોલે છે.**

આપણને એવું અજવાળું સોંપવામાં આવ્યું છે કે જે આપણા પોતાના જીવનોની સરહદોમાં રહેવા માટે નથી.

આપણા ઘરોએ પ્રકાશનો અનુભવ કરવો જોઈએ.

આપણા કાર્યસ્થળોએ પ્રકાશનો અનુભવ કરવો જોઈએ.

આપણી મંડળીઓએ પ્રકાશનો અનુભવ કરવો જોઈએ.

આપણા સમાજે પ્રકાશનો અનુભવ કરવો જોઈએ.

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઉર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચોઃ સંથોષપૂરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ
૯. ક્રુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - શ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)

૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે
૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે
૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે
૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે
૧૮. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે
૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે
૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે

૨૨. પ્રતિભાવ સભ્ય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પૂરુષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરુવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

આપણી પેઢીએ પ્રકાશનો અનુભવ કરવો જોઈએ.

ઈશ્વરે આપણા દીવા સળગાવ્યા નથી કે જેથી આપણે તેને છુપાવી શકીએ. તેમણે આપણને પ્રકાશવા માટે તેડ્યા છે.

### ૫. પ્રકાશનાં હથિયારો સજી લો!

*છેલ્લે, રોમનોને પત્ર ૧૩:૧૨ આપણને એક શક્તિશાળી પડકાર આપે છે:*

**"રાત ઘણી ગઈ છે, દિવસ પાસે આવ્યો છે; માટે આપણે અંધકારના કામો તજી દઈને પ્રકાશનાં હથિયારો સજીએ."**

શાસ્ત્ર જે ભાષા વાપરે છે તેના પર ધ્યાન આપોઃ
આપણે અંધકારના કામો તજી દઈએ
પ્રકાશનાં હથિયારો સજીએ.

પ્રકાશ એ માત્ર એવી બાબત નથી જે આપણે જોઈએ છીએ; તે એવી બાબત છે જેને આપણને સજી લેવા અને જીવવા માટે તેડવામાં આવ્યા છે.

પ્રકાશના હથિયારો સજી લેવાનો અર્થ એ છે કે સમાધાનને બદલે ન્યાયીપણું પસંદ કરવું.

*તેનો અર્થ:*

* પાપને બદલે પવિત્રતા પસંદ કરવી.
* છેતરપિંડીને બદલે સત્યને પસંદ કરવું.
* કડવાશને બદલે ક્ષમાશીલતા પસંદ કરવી.
* ડરને બદલે વિશ્વાસને પસંદ કરવો.
* સગવડતાને બદલે આજ્ઞાપાલન પસંદ કરવું.
* આ જગતના નમૂનાઓ અને મૂલ્યોને બદલે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પસંદ કરવા.

જ્યારે આપણે પ્રકાશના હથિયારો સજી લઈએ છીએ, ત્યારે આપણે અંધકારના કામો સામે દૃઢ ઊભા રહેવા માટે સજ્જ થઈએ છીએ.

### *આવો તમારો પ્રકાશ પ્રકાશવા દો*

વહાલાઓ, શાસ્ત્ર આપણને ન્યાયી વ્યક્તિના જીવન વિશે એક સુંદર વચનની ખાતરી આપે છેઃ

**"નેકીવાનોનો પ્રકાશ આનંદ છે..."** - નીતિવચનો ૧૩:૯


## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.



## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

**Account Name : ECHO OF HIS CALL EDUCATIONAL TRUST**
**Account Number : 1023 2923 805**
**Bank Name : STATE BANK OF INDIA**
**Branch : TRIPLICANE, CHENNAI - 600 005**
**IFSC Code : SBIN 0000249**
**SWIFT Code : SBI NIN BB 455**



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## મહાન ઈશ્વર જેઓ તેમના સેવકોને ક્યારેય તરછોડી દેતા નથી!

મારા શરૂઆતના દિવસોમાં અલગ અલગ ભાગોમાંથી વિરોધનો સામનો કરવો એ મારા માટે ખૂબ જ સામાન્ય હતું, તેથી હું પ્રભુના સેવાકાર્યની મિનિસ્ટ્રી સાથે સંકળાયેલો હોવાથી મારે મારું નિવાસસ્થાન અને કાર્યાલય બદલવું પડતું હતું.

૧૯૭૮માં, મેં ચેન્નાઈમાં એક નાનું ઘર ભાડે લીધું હતું અને હંમેશની જેમ, મેં મારા પાળક, પાદરી જી. સુંદરમને (ત્યારના મુખ્ય પાળક, એપોસ્ટોલિક ક્રિશ્ચિયન એસેમ્બલીના) વિનંતી કરી હતી કે હું ઘરનો કબજો લઉં ત્યારે તેઓ પહેલાં આવીને તેને આશીર્વાદિત કરે. તેમણે તેમના મદદનીશ પાળક એમ.કે. સામ સુંદરમ જેઓ ઈશ્વરના ઘણા જ પ્રેમાળ અને માનનીય સેવક હતા, તેમને મોકલ્યા હતા. તેઓ એપોસ્ટોલિક ક્રિશ્ચિયન એસેમ્બલી, ચેન્નાઈના વર્તમાન મુખ્ય પાળક છે.

તે દિવસે અમે બન્નેએ ટેક્સીમાં મુસાફરી કરી હતી. મારી પાસે થોડાક પૈસા હતા. અમે તે ટેક્સીમાં બેસીને મુસાફરી શરૂ કરી હતી ત્યારથી, પાળક તેમની આંખો બંધ કરીને પ્રાર્થનામાં હતા. પણ હું ટેક્સીના મીટર બોક્સ તરફ જોઈ રહ્યો હતો જે અમારી મુસાફરીનો ખર્ચ બતાવતો હતો.

સમય જતાં, મીટર બોક્સમાં દર્શાવેલ રકમ મારા હાથમાં રહેલી રકમની ખૂબ જ નજીક આવી રહી હતી. થોડી જ મિનિટોમાં જે રકમ મીટર બોક્સમાં દર્શાવેલી હતી, તે મારા હાથમાં હતી જે રકમ હતી, તેની બરાબર થઈ ગઈ હતી. અમારે હજુ આગળ દૂર જવાનું હતું. મારી પાસે બીજા વધુ પૈસા નહોતા. મારી પાસે જે પૈસા હતા તેટલા રકમ માટે વાહન પહેલેથી આગળ વધી ગયું હતું. મને ડર હતો કે જો વાહન વધુ આગળ જશે તો મને મુશ્કેલી થશે. મારી સાથે મારી બાજુમાં એક વરિષ્ઠ પાળક હતા. હું જાણતો નહોતો કે શું કરવું. તેથી હું મારા મનમાં રડી ઉઠ્યો, "ઓહ, વહાલા પિતા, મારા પ્રભુ, હું શું કરીશ? મારી પાસે વધારાના પૈસા નથી". મને પરસેવો છૂટવા લાગ્યો હતો. પણ ટેક્સી ઝડપથી આગળ વધી રહી હતી.

પછીથી જ્યારે મેં મીટર પર જોયું, ત્યારે મને એ જોઈને આશ્ચર્ય થયું કે તે ખોટકાઈ ગયું હતું અને મારી પાસે જે રકમ હતી તેના પર અટકી ગયું હતું. મારી આંખો આંસુઓથી ભરાઈ ગઈ હતી.

અમે ઘરે પહોંચ્યા હતા. પાળકને તે વિશે કશી ખબર ન હતી. જેવા અમે ટેક્સીમાંથી નીચે ઉતર્યા કે તરત જ મેં ડ્રાઈવરનો હાથ પકડીને તેને કહ્યું, વહાલા ભાઈ, હું જીવંત ઈશ્વરનો સેવક છું, મારી પાસે મારા હાથમાં આટલી જ રકમ છે. મારી પાસે જેટલી રકમ હતી, તેટલી જ રકમ બતાવતા તમારું મીટર રસ્તામાં ખોટકાઈ ગયું હતું. મહેરબાની કરીને મને એક કલાકનો સમય આપો, જેથી આપણે જે અંતર કાપ્યું છે તેને માટે તમે કદાચ માગી શકો તે પૈસા હું તમને આપી શકું. મહેરબાની કરીને મારા અતિથિ, માનનીય પાળકને કંઈ કહો નહિ."

તરત જ ડ્રાઈવરે મને ગળે લગાડ્યો અને કહ્યું કે, "હું પણ ઈશ્વરનું બાળક છું. હું સંપૂર્ણ અંતઃકરણથી માનું છું કે ઈશ્વરે મને તમને મદદ કરવાનો મોકો આપ્યો છે". આટલું કહીને તેમણે મેં આપેલા પૈસા પાછા આપી દીધા અને કહ્યું, કૃપા કરીને આને મારી પ્રેમાળ ભેટ તરીકે સ્વીકારશો. તમે દૂધ ખરીદી શકો છો, અને તમારા નવા ઘરમાં પ્રવેશતા જ તમારી જાતને મદદ કરી શકો છો. હું જેમની આરાધના કરું છું તે પ્રભુ તમને કરોડપતિ બનાવો. આમ બોલીને તેઓ જતા રહ્યા. મેં તેમને પછી મારા જીવનમાં ક્યારેય જોયા નથી.

મેં થોડું દૂધ ખરીદીને લઈ આવ્યો અને પાળકે અને મેં મારા નવા ઘરમાં તે પીવાનો આનંદ માણ્યો. તે દિવસે પાળકે ગાયેલું ગીત મને હજુ પણ યાદ છે. જ્યારે તેઓ ગાતા હતા ત્યારે હું મોટેથી રડવા લાગ્યો. તેમણે ગાવાનું બંધ કર્યું અને પૂછ્યું, "ભાઈ સામ, તમે આમ શા માટે રડો છો?" મેં તેમને જે બન્યું હતુ તે બધું કહ્યું. તેમની આંખોમાં પણ આંસુ હતાં. તેમણે મને કહ્યું, "તમે શા માટે ચિંતા કરવી જોઈતી હતી? શું તમે જાણતા નથી કે જો તમે મને પૂછ્યું હોત તો હું પૈસા આપી દેત? તે ઠીક છે. ઈશ્વર તમારી સાથે છે. તમારે ડરવાની જરૂર નથી. તેઓ તમને હજારો લોકો માટે ઉપયોગી થવા માટે એક સાધન તરીકે તમારો ઉપયોગ કરશે અને તમને તેમના સાક્ષી અને ઈશ્વરના સેવક તરીકે બદલશે". આમ તેમણે મને આશીર્વાદ આપ્યા અને મારા ઘરેથી જતા રહ્યા. તે દિવસે ઘરમાં અમે બે જ લોકો હાજર હતા.

વહાલા ભાઈઓ તથા બહેનો, તમે આ ઘટના વિશે શું વિચારો છો? તમારો અનુભવ શું છે? મારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા જીવનમાં મોટા ચમત્કારો કરશે. ફક્ત તેમને પકડી રાખો!

*****************

જ્યારે આપણે પ્રકાશમાં ચાલીએ છીએ અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના ન્યાયીપણાને આપણા જીવનને આકાર આપવાની મંજૂરી આપીએ છીએ, ત્યારે તેમનો પ્રકાશ સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ આપણા દ્વારા પ્રકાશિત થઈ શકે છે.

તમારો પ્રકાશ મહત્વનો છે.
તમારી સાક્ષી મહત્વની છે.
તમારી પ્રાર્થનાઓ મહત્વની છે.
તમારું આજ્ઞાપાલન મહત્વનું છે.
તમારું વિશ્વાસુપણું મહત્વનું છે.
તમારા પરિવારને તમારા પ્રકાશની જરૂર છે.
તમારા કાર્યસ્થળને તમારા પ્રકાશની જરૂર છે.
તમારા સમાજને તમારા પ્રકાશની જરૂર છે.
તમારી મંડળીને તમારા પ્રકાશની જરૂર છે.

ત્યાં એવા લોકો છે કે જેઓ કદાચ ક્યારેય દેવળના મકાનના બારણાંમાંથી પસાર થઈને જતા નથી, તેમ છતાં તેઓ તમારા જીવનમાં

ચમકતા પ્રકાશ દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સામનો કરી શકે છે.

તેથી, તમારા પ્રકાશને છુપાવી રાખશો નહિ.
તમારા વિશ્વાસ માટે માફી માંગશો નહિ.
મુશ્કેલ સંજોગોને તમારી સાક્ષીને ચૂપ કરવાની મંજૂરી આપશો નહિ.
અંધકારને તમને ખાતરી આપવા ન દો કે તમારો પ્રકાશ અર્થહીન, બીનમહત્વપૂર્ણ છે.
પ્રકાશિત થતા રહો!
જ્યારે આપણે ભારતભરમાં ઉજવાતા પ્રકાશોના ઉત્સવ પર પ્રતિબિંબિત કરીએ છીએ, ત્યારે આવો આપણે એક વધુ મહાન પ્રકાશને યાદ કરીએ.
કોઈ પણ પ્રકાશ એવો નથી કે જે અસ્થાયી હોય.
કોઈ પણ પ્રકાશ એવો નથી કે જેને બુઝાવી શકાય, હોલવી શકાય.
કોઈ પણ પ્રકાશ એવો નથી કે જે માનવીય હાથોથી ઉત્પન્ન કરી શકાય.
પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત – જગતનું અજવાળું છે.
તેઓ આપણા અંધકારમાં આવ્યા હતા.
તેમણે આપણી આંખો ઉઘાડી હતી.
તેઓ તારણ લાવ્યા.
તેમણે પાપને તથા મરણને હરાવ્યા હતા.
***અને હવે તેઓ આપણને તેડું આપે છે:***

"તમે જગતનું અજવાળું છો..." - માથ્થી ૫:૧૪.

***તેથી આવો આપણે આપણા હૃદયની તપાસ કરીએ અને પોતાની જાતને પૂછીએ:***

ઈશ્વર મને કયા અંધકારમાં પ્રકાશવા માટે તેડું આપે છે?

શું હું હજી પણ મારા પ્રકાશના સ્રોત સાથે જોડાયેલો છું?

શું મારા જીવનમાં એવું કંઈક છે જેને પ્રકાશથી અલગ કરવાની જરૂર છે?

શું હું સમય મુશ્કેલ હોય ત્યારે પણ પ્રકાશવા માટે તૈયાર છું?

શું લોકો મારા જીવન દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તને જોઈ શકે છે?

***આજે, આવો આપણે એક નિર્ણય લઈએ:***
હું પ્રકાશ આપીશ.
હું પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે જોડાયેલો રહીશ.
હું પ્રકાશમાં ચાલીશ.
હું અંધકારના કામોને બાજુ પર મૂકી દઈશ.
હું પ્રકાશના હથિયારો સજી લઈશ.
હું પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રકાશને મારા કુટુંબમાં, મારી મંડળીમાં, મારા કાર્યસ્થળે અને મારા સમાજમાં લઈ જઈશ.

કારણ કે અંધકાર પ્રકાશને જીતી શકતું નથી.

**અને જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણી અંદર રહે છે – ત્યારે આપણને પ્રકાશિત થવા માટે તેડવામાં આવ્યા છે!**

**"ઊઠ, પ્રકાશિત થા; કેમ કે તારો પ્રકાશ આવ્યો છે, ને યહોવા પ્રભુનો મહિમા તારા પર ઊગ્યો છે."** - યશાયા ૬૦:૧

આવો પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પ્રકાશ આપણા દરેકમાં પ્રકાશિત થઈને, તેજસ્વી રીતે ચમકે, નિરાશ થયેલાને આશા આપો, ભંગિત થયેલાને સાજા કરો, ખોવાયેલાને દિશા આપો અને તેમના નામને મહિમા આપો.

**આમીન**

-----------------

## પ૭મા વાર્ષિક સમારોહની ઉજવણી - વિશેષ મહેમાનો



**બહેન પદ્મા મુદલિયાર, બહેન જેબાકુમારી ડેવિડ અને બહેન શીબા (ગાયિકા) આ દિવસોએ અમારા ખાસ મહેમાનો હતા.**

**કાર્યક્રમમાં હાજરી આપનાર તેમજ અમારી યુટ્યુબ ચેનલ, ઈકો ઓફ હીઝ કોલ દ્વારા કાર્યક્રમો જોનારા લોકોના વિશ્વાસને મજબૂત કરવા અને સંપાદિત કરવા માટે ઈશ્વરે તેણીઓનો પરાક્રમી રીતે ઉપયોગ કર્યો હતો.**

**તેમના લોકો માટે આશીર્વાદ અને પ્રોત્સાહનના સાધન તરીકે તેણીઓનો ઉપયોગ કરવા બદલ અમે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.**

## જોઈએ છે



**અમે અમારી મિનિસ્ટ્રીની ટીમમાં જોડાવા માટે સમર્પિત અને જવાબદાર વ્યક્તિઓને શોધી રહ્યા છીએ.**

**૧. કાર્યાલયીન કર્મચારીવર્ગ અને આગેવાનો**
**અરજી કરનારાઓ કમ્પ્યુટર સાક્ષર હોવા જોઈએ અને અંગ્રેજી ભાષામાં બોલવાની સારી ફાવટ ધરાવતા હોવા જોઈએ.**

**૨. વાહન ચાલકો**
**જવાબદાર અને અનુભવી વાહન ચાલકોની જરૂર છે.**

**૩. સુરક્ષા કર્મચારી**
**સુરક્ષા ફરજો માટે વિશ્વસનીય અને જવાબદાર વ્યક્તિઓની જરૂર છે.**

***રસ ધરાવતા ઉમેદવારો તેમના બાયોડેટા આના પર મોકલી શકે છે:***
Whatsapp: +91 98412 71858
**ઈમેલ:** sam@echoofhiscall.org

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **S. Sam Selva Raj** |
| A/C No. | : **1023 2934 679** |
| IFSC | : **SBIN 00 00 249** |

SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

| | |
|---|---|
| Branch | : **Anna Salai, Chennai-6** |
| Name | : **Echo of His Call** |
| A/C No. | : **6038 0502 2319** |
| IFSC | : **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **Echo of His Call Educational Trust** |
| A/C No. | : **1023 2923 805** |
| IFSC | : **SBIN 00 00 249** |

## OUR QR CODE:

ECHO OF HIS CALL

Scan to pay with any UPI app

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત ઋતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

| વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- | આજીવન લવાજમ રૂ.૨૦૦૦/- |
|---|---|

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઇકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઇકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઇકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th OCTOBER 2026
If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**